ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાના
બાળકોને મધ્યાહ્‌ન ભોજન પુરુ પાડવાની
યોજના બાબત.
– બાળકદીઠ દૈનિક જોગવાઈમાં ફેરફાર
કરવા અંગે.....

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મભય/૧૩૨૦૦૧/૧૨૨૨/ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 28 AUG 2001

વંચાણમાં લીધા :–

૧) શિ.વિ.નો તા.૯/૧૧/૮૪નો ઠરાવ ક્રમાંક:મભય/૧૩૮૪/ક.
૨) શિ.વિ.નો તા.૩૦/૧૧/૮૪નો ઠરાવ ક્રમાંક:૧૩૮૪/ક,
૩) શિ.વિ.નો તા.૨૪/૪/૧૯૮૫નો ઠરાવ ક્રમાંક:૧૨૮૪/૪૦૩૧/૪૦૪૯/ક,
૪) શિ.વિ.નો તા.૧૬/૧/૯૦નો ઠરાવ ક્રમાંક: વેતન/૧૦૮૯/ક/૧૨૨૮૨/૪૯૯.
૫) શિ.વિ.નો તા.૧૮/૭/૯૦નો ઠરાવ ક્રમાંક:મભય/૧૩૯૦/ક,
૬) શિ.વિ.નો તા.૯/૧/૯૨નો ઠરાવ ક્રમાંક:મભય/૧૩૯૦/૧૫૪૨(૯૧)ક,
૭) કમિશ્નરશ્રી મ.ભો.યો.નો પત્ર ક્રમાંક:મભય/અમલ/વ/૨૯૬૫/તા.૧૦/૩/૨૦૦૦.

ઠ રા વ :–

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓના તેમજ રાજ્યમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને મધ્યાહ્‌ન ભોજન પુરુ પાડવા આમુખમાં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૯/૧૧/૧૯૮૪ અને તારીખ: ૩/૧૧/૧૯૮૪ના ઠરાવમાં દર્શાવેલી શરતોએ મધ્યાહ્‌ન ભોજન યોજના સંપૂર્ણ રીતે અમલમાં આવેલી છે.

૨. પ્રાથમિક શાળાઓના બાળકોને આપવાના ભોજન અંગે વિભાગના આમુખમાં વંચાણે લીધેલા તા.૯/૧/૯૨ના ઠરાવથી પેરા-૪ (અ) માં બાળકદીઠ દૈનિક જોગવાઈ નક્કી કરવામાં આવેલ છે. જ્યારે ભારત સરકાર ધોરણ-૧ થી ૫ ના બાળકો માટે ઓગષ્ટ-૧૯૯૫ થી બાળકદીઠ વિનામૂલ્યે ૫૦ ગ્રામ ઘઉં અને ૫૦ ગ્રામ ચોખા પુરા પાડે છે. આ વિસંગતતા દૂર કરવા અને ભારત સરકારની યોજના સાથે ભોજનના

... ૨,

પ્રમાણમાં એકરુપતા જાળવવા ચોખાનું પ્રમાણ બાળકદીઠ ૭૦ ગ્રામ છે. તે સુધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાના અંતે તા.૯/૬/૯૨ ના ઠરાવમાં નિયત થયેલ ઉકત જોગવાઈમાં અંશતઃ ફેરફાર કરી ઠરાવના પેરા-૪(અ) માં દર્શાવેલ ચોખાનું પ્રમાણ હવે બાળકદીઠ દૈનિક ૫૦ ગ્રામ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ અંગેનો ખર્ચ ''માંગણી ક્રમાંકઃ-૮(ખ) સામાજીક સેવાઓ (જ) સમાજ કલ્યાણ અને પોષણ ૨૨૩૬ પોષણ ૦૨- મધ્યાહન ભોજન-૦૧- સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે મધ્યાહન ભોજનની યોજના (આયોજન) એ સદરે ઉધારવાનો રહેશે.

૪.... આ વિભાગની ફાઈલ ક્રમાંકઃમભય/૧૩૨૦૦૦/૩૪૮-૨, ઉપર નાણાં વિભાગની તા.૧૭/૭/૨૦૦૧ની નોંધથી મળેલ સંમતિથી આ આદેશો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનો રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. આર. તાવિયાડ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બધા મંત્રીશ્રીઓના સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- બધા રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- બધા નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર નવી દિલ્હી (પત્ર દ્વારા)
- કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.